ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરમાં બે કલાકમાં ૪ ઈંચ વરસાદ

**અષાઢમાં ગાજ્યા મેઘ વરસ્યા : માત્ર ૪ ઇંચ વરસાદે સ્માર્ટ સીટીને ઘમરોળી નાંખ્યુ પ્રિમોન્સુન પ્લાન પણ ફંગોળાયો : શહેરમાં ઠેર ઠેર જળબંબાકાર : મેઘરાજાની તોફાની બેટીંગથી જનજીવન પ્રભાવિત : બુધવારની મોડી સાંજે ગગનભેદી વિજકડાકાથી શહેજનોમાં ભય પ્રવર્તયો : સિઝનનો કુલ ૬ ઇંચ વરસાદ : સેક્ટરોમાં પાણીના ભરાવા સાથે અનેક ઠેકાણે કાદવ કિચ્ચડ વચ્ચે વરસાદી સમસ્યાઓથી રહીશો ત્રસ્ત : ધોધમાર વરસાદના અંતે આજે દિવસ દરમિયાન ઝરમર વરસાદથી ભીંજારો યથાવત : ગરમીનો પારો ૫ ડીગ્રી નીચે ઉતર્યો**





ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં છેલ્લા બે સપ્તાહથી આકરા ઉકળાટ બાદ બુધવારની મોડી સાંજે આકાશમાં ગોરંભાયેલા કાળા ડીબાંગ વાદળો મનમુકીને વરસી પડયા હતા. ગગનભેદી વિજકડાકા સાથે ગાજયા મેઘ વરસ્યા હતા. મોડી સાંજે મેઘરાજાની તોફાની એન્ટ્રી બાદ બે કલાકમાં જ ચાર ઈંચ વરસાદ વરસ્યો હતો. માત્ર ૪ ઈંચ વરસાદમાં સમગ્ર શહેર પાણીમાં ઘમરોળાયુ હતુ. પ્રિ મોન્સુન પ્લાન પણ ફંગોળાઈ ગયો હતો સેકટરોના આંતરિક માર્ગો પર ઢીંચણ સમા પાણી ભરાઈ ગયા હતા. સેકટરોના એપ્રોચ માર્ગો આસપાસ પણ પાણીનો ભરાવો થયો હતો. જયારે કોમન પ્લોટમાં પણ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. તોફાની વરસાદમાં કાનફાડી નાંખે તેવા વિજકડાકાથી નગરજનો ભયભીત બની ગયા હતા. વીજચમકારાના અંતે થતા આક્રમક કડાકાથી શહેરમાં અનેક ઠેકાણે વિજળી પડવાનો ભય પ્રવર્તાયો હતો. નગરજનોએ ઘરોમાં ઈલેકટ્રીક ઉપકરણો પણ બંધ કરી દીધા હતા. જયારે તોફાની વરસાદના વિરામ બાદ શહેરના સેકટરોમાં ઠેર ઠરે વરસાદી પાણી ઉભરાતા નજરે પડયા હતા. આજે પણ દિવસ દરમિયાન સવારથી વાદળિયા વાતાવરણ વચ્ચે ઝરમર વરસાદ વરસવાનુ ચાલુ રહ્યુ હતુ. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૬ ઈંચ વરસાદ નોંધાયો છે. જયારે વરસાદની તોફાની બેટીંગના અંતે આજે પણ શહેરીજનોએ અસહ્ય ઉકળાટ અનુભવ્યો હતો. વરસાદી ભીંજારાથી જનજીવન અસ્તવ્યસ્ત બન્યુ હતુ.

ગાંધીનગરમાં ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં પણ આ વખતે વારંવાર કમોસમી વરસાદથી જનજીવન પ્રભાવિત થયુ હતુ. અવારનવાર મોસમાં નાટયાત્મક પલ્ટાના અંતે ભારે પવન ફુંકાવાની સાથે માવઠુ વરસતા ગરમીના દિવસોમાં પણ વરસાદી નઝારો જોવા મળ્યો હતો. ઉનાળા દરમિયાન પણ સતત વરસાદી વાયરાના લીધે અષાઢી નઝારો સર્જાયો હતો. જયારે છેલ્લા બે સપ્તાહથી વાતાવરણમાં અસહ્ય ઉકળાટનુ જોર રહેતા નગરજનો ગરમીના દિવસોના અંતે હવે ઝડપથી મેઘરાજા મહેરબાની કરે તેની કાગડોળે વાટ નિહાળતા હતા. બિપરજોય વાવાઝોડના દિવસો દરમિયાન શહેરમાં ઠંડક પ્રવર્તી હતી પરંતુ બે દિવસના અંતે જ વાતાવરણમાં આકરો બફારો વર્તાતા ચોમાસુ દસ્તક દેવાની તૈયારીમાં હતુ ત્યારે પણ વારંવાર હાથતાળી આપતા મેઘરાજાના મિજાજથી નગરજનો તોબા પોકારી ગયા હતા. છેલ્લા ત્રણ ચાર દિવસથી ગોરંભાયેલા આકાશ વચ્ચે ઝાપટા નાંખી જતા વરસાદના લીધે વાતાવરણમાં ઉકળાટનુ જોર યથાવત રહેવાથી મેઘરાજા ધોધમાર વરસે તેવી આશ સેવાઈ રહી હતી બુધવારે પણ સવારથી વાદળિયા વાતાવરણના અંતે વરસાદી છાંટણા જ વરસ્યા હતા પરંતુ મોડી સાંજે સર્જાયેલા વાતાવરણ પલ્ટાના અંતે વિજકડાકા અને વાદળગર્જના વચ્ચે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી. તોફાની વરસાદના લીધે

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં ઠેર ઠેર પાણી ભરાયા

**સેક્ટરોના આંતરિક માર્ગો પર ભારે કાદવ કિચડ ફેલાયો : ગંદકીથી વસાહતીઓ ત્રસ્ત**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર અને આસપાસના વિસ્તારમાં વરસાદી માહોલ જામ્યો છે. ગઈકાલે સાંજે શહેરમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. એક-દોઢ કલાકમાં લગભગ પોણા ચાર ઈંચ જેટલો વરસાદ ખાબકતા શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા છે.

વરસાદી સિઝનની સારી શરૂઆત થઈ છે. શહેરમાં છેલ્લા બે દિવસથી વરસાદી વાતાવરણ બંધાયુ છે. ગઈકાલે આખો દિવસ ઉકળાટ રહ્યા બાદ મોડી સાંજે આકાશમાં વાદળો ઘેરાયા હતા અને વરસાદ તુટી પડ્યો હતો. વીજળીના કડાકા ભડાકા વચ્ચે લગભગ એક-દોઢ કલાક ધોધમાર વરસાદ વરસતા શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા છે. શહેરમાં આવેલા ખુલ્લા મેદાનો જાણે મીની તળાવમાં ફેરવાઈ ગયા હતા. શહેરના માર્ગો પર પણ ઘણી જગ્યાએ પાણી ભરાયા હતા. જો કે વરસાદ બંધ થતાં માર્ગો પર ભરાયેલા પાણી ઉતરી ગયા હતા.

સૌથી વધુ કપરી સ્થિતિ સેક્ટરોના આંતરિક માર્ગોની બની હતી. સેક્ટરોમાં આંતરિક માર્ગો અને આંતરિક વિસ્તારોમાં ખાડા પડી ગયા હતા. જેના કારણે અહીં ખૂબ કાદવ કિચડ ફેલાયો હતો. પાણીની પાઈપલાઈન નાંખવા માટે આ વર્ષે ખોદવામાં આવેલા ખાડાઓના કારણે પરિસ્થિતિ વિકટ બની હતી. વસાહતીઓ આ કાદવ કિચડથી રીતસર ત્રાસી ગયા હતા. કેટલાક વિસ્તારોમાં તો ઘરની બહાર નીકળવુ મુશ્કેલ બન્યુ હતુ.

### અન્ડર પાસમાં જળબંબાકાર વાહનો અટવાયા


ગાંધીનગરમાં ધોધમાર વરસાદના અંતે શહેરમાં ઠેર ઠેર જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી જયારે મોડી સાંજે તોફાની વરસાદથી જનજીવન પ્રભાવિત થયુ હતુ વરસાદ દરમિયાન શહેરના અનેક ઠેકાણે વાહનો બંધ થઈ જતા સેકટરવાસીઓ અટવાયા હતા. નગરના મુખ્યમાર્ગ પર ઘ-૪ અન્ડર પાસમાં પણ વરસાદી પાણીનો ભરાવો થતા જળબંબાકાર વચ્ચે વાહનચાલકો અટવાયા હતા. અન્ડર પાસ પર મોડી રાત સુધી વરસાદી પાણી ઓસર્યા ન હતા જેના લીધે પસાર થતા વાહનચાલકોએ પણ દુર્ગંધયુક્ત વાતાવરણમાં ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો.

### માટી પોલાણના લીધે અનેક ઠેકાણે વાહનો ફસાયા

ગાંધીનગરમાં એકબાજુ પાણી ગટરની નવી લાઈન નાંખવા માટે સેકટરોમાં ઠેર ઠેર ખોદકામ ચાલી રહ્યુ છે. જયારે ખોદકામના લીધે વરસાદી ઝાપટાના અંતે જ કાદવ કિચ્ચડ વચ્ચે ઠેર ઠેર માટી પોલાણના લીધે અનેક સમસ્યાઓ સર્જાય છે. ગઈકાલના ભારે વરસાદના અંતે પણ શહેરમાં ઠેર ઠેર માટી પોલાણના લીધે શહેરના રહેણાંક વિસ્તાર સહીત કોર્મશિયલ ઝોનમાં પણ અનેક વાહનો ફસાઈ પડયા હતા જેના લીધે આજે વાહનચાલકોએ પોતાના વાહન બહાર કાઢવા માટે પણ ભારે મથામણ કરવાનો વારો આવ્યો હતો.

### સ્ટોર્મ વોટર લાઇન માટે રસ્તા ખોદાયા પણ વરસાદી પાણીનો ભરાવો યથાવત

શહેરમાં વરસાદી પાણીના નિકાલની લાઈનનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે થોડા સમય અગાઉ કોર્પોરેશન દ્વારા વરસાદી



પાણીના નિકાલની લાઈન સંદર્ભે સેકટરોમાં બાકી રહેતી લાઈનના ટુકડાનુ જોડાણ આપવા આખે આખા રસ્તા પર જે સી બી ફેરવીને માર્ગોને ચિથરેહાલ કરી દેવાયા હતા. જયારે ગઈકાલના વરસાદ બાદ આ ઠેકાણે પાણીનો યોગ્ય નિકાલ ન થતા જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. સેકટરોના રીંગ રોડ અને એપ્રોચ માર્ગો પાસે પણ વરસાદના અંતે વરસાદી પાણી હીલોળા લેતુ નજરે પડયુ હતુ.

## દિવસ દરમ્યાન દહેગામમાં અને ગાંધીનગરમાં વરસાદ

**સવારના ૬ થી રાત્રિના ૮ દરમ્યાન દહેગામમાં ૩૪ મી.મી. તો ગાંધીનગરમાં ૨ મી.મી. વરસાદ નોંધાયો : દહેગામમાં વીજળી પડવાથી ૪ અને વીજકરંટથી બે એમ ૬ પશુના મોત**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં ચોમાસાના આરંભે જ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીને લઈ ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. જિલ્લાના ત્રણ તાલુકાઓમાં અત્યાર સુધીમાં ૧૦૦ મી.મી.થી વધુ વરસાદ નોંધાઈ ચુક્યો છે.

જિલ્લામાં મેઘરાજાની ધમાકેદાર ગાજવીજ સાથેની એન્ટ્રીને પગલે આજે દહેગામ તાલુકામાં ૬ પશુઓના મોત થતાં પશુચાલકોમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે બે પશુના મોત વીજકરંટ લાગવાથી થયા છે તો ૪ પશુના મોત વીજળી પડવાથી થવા પામ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

### જિલ્લામાં ૨ જુલાઈ સુધી મધ્યમથી ભારે વરસાદની વકી

ગાંધીનગર જિલ્લામાં ૨૯ થી ૨ જુલાઈ સુધી મધ્યમથી ભારે વરસાદ થવાની શક્યતાઓ હવામાન-પૂર્વાનુમાનમાં જણાવવામાં આવી છે. દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા હવામાન-પૂર્વાનુમાન અને કૃષિ વિષયક સલાહ બુલેટીનના અંક નં. ૪૪માં ૨૮ થી ૨ જુલાઈ દરમ્યાનનું હવામાન પૂર્વાનુમાન જણાવવામાં આવ્યુ છે.

આ દિવસો દરમ્યાન આકાશ મુખ્યત્વે વાદળછાયુ રહેશે અને ૨૮ જૂનથી ૨ જુલાઈ દરમ્યાનના પાંચ દિવસ દરમ્યાન જિલ્લામાં છુટાછવાયા સ્થળોએ મધ્યમથી ભારે વરસાદની શક્યતા છે.

મહત્તમ તાપમાન ૨૯.૩૨ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૩.૨૫ ડિગ્રી સે. રહેવા સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૫૧ થી ૮૨ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે.

પવનની સરેરાશ ગતિ ૧૭ થી ૨૧ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે. ખેડૂતોને સલાહ આપતા આ બુલેટીનમાં જણાવવામાં આવ્યુ છે કે વરસાદની આગાહી હોઈ ઉભા પાકમાં પિયત અને દવા આપવા માટે રાહ જોવી.

## ગાંધીનગર બન્યું ભુવાનગર

**પ્રથમ વરસાદમાં જ ઠેર ઠેર ગાબડા અસ્તિત્વમાં આવ્યા :વાહનચાલકો અને રાહદારીઓ માટે જોખમી સ્થિતિ સર્જાઇ : ચોમાસાના પ્રારંભે જ સેકટરોના રીંગ રોડ પર ગાબડા : ઠેર ઠેર માટી પોલાણથી જોખમી સ્થિતિ**





ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં ચોમાસાના પ્રારંભે ભારે વરસાદના લીધે શહેરમાં ઠેર ઠેર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી જયારે વરસાદી પાણીના ભરાવા વચ્ચે સેકટરોમાં અનેકવિધ દુવિધાઓ મંડરાતી નજરે પડી હતી. જયારે શહેરના સેકટરોમાં વિવિધ માર્ગો પર ભુવા અસ્તિત્વમાં આવતા જોખમી સ્થિતિનુ નિર્માણ થયુ હતુ માત્ર ચાર ઈંચ વરસાદમાં જ ગાંધીનગર ભુવાનગરી બની ગયુ હતુ. હજુ ચોમાસાની શરૂઆત થઈ છે ત્યાં પ્રથમ વરસાદમાં જ નગરમાં ઠેર ઠેર ગાબડા જોવા મળ્યા હતા જયારે આગામી દિવસોમાં જોખમી સ્થિતિને ડામવા માટે તંત્રએ અસરકારક કામગીરી કરવાની અનિવાર્યતા હોવાનુ સ્પષ્ટ થયુ છે.

ગાંધીનગરને સ્માર્ટ બનાવવા માટે સેકટરોમાં હાલ પાણી ગટરની નવી લાઈન નાંખવા માટે ઠેર ઠેર ખોદકામ ચાલી રહ્યુ છે. જયારે નગરના મુખ્યમાર્ગો વચાળે પણ મેટ્રો રેલ પ્રોજેકટની કામગીરી ચાલી રહી છે. શહેરમાં વરસાદી પાણીના નિકાલ બાદ સતત એક યા બીજા કારણોસર થતા ખોદકામના લીધે ગમે ત્યારે માર્ગો વચાળે જ ગાબડા અસ્તિત્વમાં આવે છે. તેમાં પણ વરસાદી દિવસોમાં સેકટરોમાં ગમે ત્યાં પગ મુકતા પણ સાવધાન રહેવુ પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. રહેણાંક અને કોર્મશિયલ ઝોનમાં ગમે ત્યાં પાર્ક કરેલા વાહનો પણ ફસાઈ પડે છે તો ઠેર ઠેર અસ્તિત્વમાં આવતા ભુવાના લીધે ગમે ત્યારે જાનલેવા અકસ્માત થવાની પણ દહેશત પ્રબળ બની છે. શહેરમાં ગઈકાલે મોડી સાંજે તોફાની વરસાદના લીધે સેકટરોમાં ઠેર ઠરે જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી જયારે ઘણાં ઠેકાણે મોટામસ ગાબડા પણ અસ્તિત્વમાં આવ્યા હતા આ જોખમી સ્થિતિમાં ગમે ત્યારે જાનલેવા અકસ્માત થવાની દહેશત પણ પ્રબળ બની હતી. શહેરમાં એકબાજુ રીંગ રોડ અને આંતરિક રસ્તાઓની સમય મર્યાદા પુર્ણ થઈ ગઈ છે. જયારે પાણી ગટરની લાઈનની કામગીરીના અંતે માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. ત્યારે હાલ મોટાભાગના માર્ગોની દશા અત્યંત ખરાબ છે. ત્યારે ભારે વરસાદના સંજોગોમાં સેકટરોના રીંગ રોડ પર ઠેર ઠેર ભુવા અસ્તિત્વમાં આવતા માર્ગ સલામતી જોખમાઈ છે.

● અનુસંધાન પાન-૭ પર





## આજે જિલ્લા પંચાયતની સામાન્ય સભા

**બેઠકને લઈ બન્ને પક્ષોએ રણનીતિ તૈયાર કરી : બેઠકમાં કલોલના રોગચાળા સહિતના મુદ્દાઓ આવે તેવી સંભાવના**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે બપોરે બે વાગે પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સામાન્ય સભા યોજાશે.

જિલ્લા પંચાયતના સરદાર હોલમાં મળનારી આ બેઠક માટે બન્ને પક્ષોએ રણનીતિ તૈયાર કરી લીધી છે. ભાજપના ચૂંટાયેલા સભ્યોની બેઠક સોમવારે મળી હતી જેમાં વિપક્ષનો મક્કમતાથી મુકાબલો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. વિપક્ષ કોંગ્રેસ પક્ષ પંચાયતમાં ભાજપના શાસનના અઢી વર્ષ પૂર્ણ થવામાં હોઈ સત્તાધારી પક્ષની નિષ્ફળતાઓને છતી કરવા સાથે તંત્રને ભીંસમાં લેવાની એક પણ તક જતી નહિ કરવાના મૂડમાં છે.

ઘણા લાંબા સમય પછી સામાન્ય સભાનો આરંભ પ્રશ્નોત્તરીથી થશે. આ સમયગાળા દરમ્યાન ભાજપ-કોંગ્રેસ વચ્ચે વાકયુદ્ધ છેડાશે તેમ રાજકીય પંડિતોનું કહેવુ છે.

આજની આ બેઠકમાં દહેગામ તાલુકાની બે પંચાયતોના વિભાજનની દરખાસ્ત ઉપરાંત લવારપુર પંચાયતને સુપરસીડ કરવાની દરખાસ્ત પણ એજન્ડામાં છે.

જિલ્લા પંચાયતની આજની આ બેઠક વર્તમાન સત્તાધીશોની મુદત પૂર્ણ થતી હોવાથી કદાચ અંતિમ બેઠક બનશે તેવુ મનાઈ રહ્યુ છે. આ પછી સપ્ટેમ્બરમાં નવા પદાધિકારીઓની નિયુક્તી કરાશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કોંગ્રેસનું સંખ્યાબળ

● અનુસંધાન પાન-૭ પર

## કલોલમાં રોગચાળાની સ્થિતિ નિયંત્રણ હેઠળ : તંત્ર

ગાંધીનગર, તા. ૨૯

કલોલ શહેરમાં ઝાડા-ઉલ્ટીના રોગચાળાની સ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનું આરોગ્યતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. શહેરમાં આજે ઝાડા-ઉલ્ટીના માત્ર ૬ કેસ નોંધાયા છે.

શહેરમાં આજે નોંધાયેલ કેસ સાથે કુલ કેસ ૧૪૪ ઝાડા-ઉલ્ટીના નોંધાયા છે, જ્યારે અત્યાર સુધીમાં કોલેરાના કુલ ૪ કેસ નોંધાયા છે. આ નોંધાયેલા દર્દીઓ પૈકી ૧૩૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે હાલ ૧૪ એક્ટીવ કેસ છે. જેમાં એક કોલેરા પોઝીટીવ કેસનો દર્દી છે. આ ઉપરાંત ઝાડા-ઉલ્ટીના ૧૩ કેસ છે. જે પૈકી ૭ દર્દીઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને ૬ દર્દીઓ ઘરે સારવાર હેઠળ છે.

તંત્રની ટીમોએ આજે પણ અસરગ્રસ્ત વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી કરી ક્લોરીન ટેબ્લેટ તેમજ ઓ.આર.એસ.ના પેકેટ્સનું વિતરણ કર્યુ હતુ. અસરગ્રસ્ત વિસ્તારોમાં આજે પણ ટેન્કરથી પીવાના પાણીનો પુરવઠો આપવામાં આવ્યો હતો.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com